

સંબંધોના તાણાવાણા

ગીતા શ્રોફ

# નિરાધાર અને અપરિપક્વ વિક્ટિમ માટે સમાજની ભૂમિકા

સમાજ પ્રત્યે ફરજ કે કર્તવ્ય સમજીને કાર્ય કરનારાઓએ અનેક વાર નિષ્ફળતાનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે જરૂર પડે છે આંતરિક બળની. નિષ્ફળતાનો સામનો કરવો સરળ નથી હોતો. ત્યારે મોટીવેશનનો ગ્રાફ તદન શૂન્ય થઈ જાય છે. ફક્ત આત્મસંતોષ માટે કર્તવ્ય નિભાવતી વ્યક્તિઓ માટે કોઈ પણ પ્રકારના મોટીવેશન વિના આવાં સામાજિક કાર્યો માટે સ્વયંને ટકાવી રાખવી એ પણ એક પડકાર બની જતો હોય છે અને આવા પડકારો અવારનવાર આવતા રહેતા હોય છે. જેમાં ટકી ગયા પછી, ટકી રહેવું પણ આવડત બની જાય છે. આમ જ 30 વર્ષનાં સામાજિક કાર્યોમાં અનેક વાર નિરાશા મળી હશે પરંતુ સફળતાનું એક તેજોમય બિન્દુ આગળ ધપવા પ્રેરણા આપી જતું રહ્યું છે. સત્તા અને કાયદો જ્યારે નિઃસહાય કે સંવેદનહીન બની જતો હોય છે ત્યારે તો સામાજિક કાર્યકરે ટકી રહેવું વધુ કઠીન બની જતું હોય છે.

### કેસ- ઈ.સ.2000

એક દિવસ વરિયાળી બજારના એક સ્થાનિક રહીશે અમને જાણ કરી કે આ રેડ લાઈટ વિસ્તારમાં એક સગીર છોકરી ખૂબ જોરશોરથી દેહવિક્રયનો ધંધો કરી રહી છે. અમે હિંમત કરીને જણાવેલ સરનામા પર દિવસ દરમ્યાન મુલાકાત લીધી અને તે 15 વર્ષીય બાલિકાને મળ્યાં. અમારી સાથેની વાતચીતમાં તે ખૂબ જ મક્કમપણે પોતે આ ધંધામાં સ્વેચ્છાએ છે તેવું કહેતી રહી. કળેવળે તેના વિશે તેના સ્વમુખે જણાવ્યું કે, તેનાં માતાપિતા રોજીરોટી માટે સૌરાષ્ટ્રથી સુરત આવ્યાં હતાં પરંતુ થોડા જ સમયમાં તેમનું અકસ્માતમાં મૃત્યુ થયું. તેથી તેણે કાકા-કાકી સાથે રહેવાનો સમય આવ્યો. બાલિકા, નામે ચંદ્રિકા માટે કાકા-કાકી સાથે રહેવું ખૂબ કપરું બની ગયું હતું. તે હંમેશાં વિષાદમાં રહેવા લાગી હતી. કોઈને તેની પરવા નહોતી. કોઈ તેની સાથે ખાસ વાતચીત પણ કરતા નહીં. શાળાએ રિક્ષામાં જતી વખતે રિક્ષાચાલકે તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. રિક્ષાચાલક ફારુક રોજ તેને હસાવવા પ્રયત્ન કરતો, તેને ફરવા લઈ જતો, સારું સારું ખવડાવતો, ક્યારેક કપડાં પણ અપાવતો. ધીમે ધીમે ચંદ્રિકા ફારૂકના પ્રેમમાં પડી ગઈ અને એક દિવસ ફારૂક સાથે ભાગી ગઈ. કાકા-કાકી માટે ઘરે પત્ર લખીને નીકળી હતી એટલે કાકા-કાકીએ પણ કોઈ શોરબકોર કર્યો નહોતો. ફારૂકનાં મમ્મીએ પોલીસ અને સમાજના ડરના કારણે તેને ઘરમાં રાખવાની ના કહી. તેથી ન છૂટકે ફારૂકે તેને વરિયાળી બજારમાં દેહનો વ્યપાર કરતી સ્ત્રીઓ સાથે એક નાની ખોલીમાં વ્યવસ્થા કરાવી આપી. ફારૂકે તેને વચન આપ્યું કે તે રાત-દિવસ રિક્ષા ચલાવીને પૈસા કમાશે અને ભાડેથી ખોલી લઈને ચંદ્રિકા જ્યારે 18 વર્ષની થશે ત્યારે નિકાહ કરી લેશે. ચંદ્રિકા પણ જો કમાય તો જલ્દીથી પૈસા જમા કરી શકાશે એવું વિચારી ફારૂકે તેને પણ દેહનો વ્યાપાર કરવા સમજાવી. દિવસના ફારૂક ગ્રાહક શોધી લાવતો અને રાત્રે તે ફારૂક સાથે અલગથી ખોલી લઈ રહેવા લાગી. છ મહિનામાં તો તેણે ખોલી પણ ભાડેથી લઈ લીધી અને બચત પણ થવા લાગી.

આ સાંભળ્યા બાદ અમે તેને થોડા પ્રશ્નો પૂછ્યા જેમ કે,

શું ફારૂકના ઘરવાળા તને વહુ તરીકે સ્વીકારશે?

ઉત્તરઃ મને અને ફારૂકને કોઈ ફરક નથી પડતો.

સગીર વયે આ ધંધો કરવો ગુનો છે તેની જાણ છે?

ઉત્તરઃ ફારૂક બધાંને ઓળખે છે. અમને કોઈ હેરાન નહીં કરે.

તને જાતીય રોગો, HIV થવાની પૂરેપૂરી શક્યતા છે.

ઉત્તરઃ અમને રક્ષણાત્મક સાધનો આપવા સરકારી લોકો આવે છે. અમારું ચેકઅપ પણ થાય છે.

ફારૂક તારી સાથે નિકાહ કરવાનો વિચાર માંડી વાળશે તો?

ઉત્તરઃ એ જેમ રાખશે તેમ રહીશ. અમે બંને ખુશ છીએ.

તું આ ધંધો છોડી દે તો અમે તને નોકરી અપાવીશું.

ઉત્તરઃ મને રોજના રૂ. 700/- થી 2000/- મળે છે અને તમે મને મહિનાનો પગાર રૂ. 2000 થી 3000/- અપાવશો.

તારી બચત ક્યાં છે?

ઉત્તરઃ બધી રકમ ફારૂક પાસે સલામત છે.

ફારૂક તને તારી બચત નહીં આપે તો?

ઉત્તરઃ એ મને મારી નાંખશે તો પણ તેની સાથે જ રહીશ.

અંતે, અમે તેનાં કાકા-કાકીનું સરનામું લીધું અને તેમને મળવા ગયાં. તેઓએ તો ચંદ્રિકાનું નામ લેવાની પણ ના પાડી. કોઈ પણ સંજોગોમાં તેઓ ચંદ્રિકાને જીવતી કે મરેલી સ્વીકારવા તૈયાર નહોતાં.

તેથી અમે ફારૂકને મળ્યા. ફારૂકે એક જ જવાબ આપ્યો, ‘‘વો અગર માનતી હૈ તો લે જાઓ. મુજે પતા હૈ વો મુજે નહી છોડેગી’’ તેનો આત્મવિશ્વાસ જોઈ અમે ડગમગી ગયા અને પોલીસ કમિશનર પાસે ગયા. તેમણે પોલીસ મારફત ચંદ્રિકાને સમજાવવા પ્રયત્ન કર્યો અને છેવટે નારીગૃહમાં મોકલી આપી. તો બીજા જ દિવસે ચંદ્રિકા નારીગૃહમાંથી ભાગી નીકળી. કાયદાની મદદ લેવા ગયા તો કોમી તોફાનના ડરે કોઈએ સપોર્ટ ન કર્યો.

આખરે અમે ચંદ્રિકાને અમારા નામ અને ફોનનંબર આપી આવ્યા અને જણાવ્યું કે, ભવિષ્યમાં ક્યારે પણ અમારી જરૂર પડે તો જણાવજે. થોડા જ સમયમાં રેડ લાઈટ વિસ્તારનું સ્થળાંતર થયાની અમને જાણ થઈ. તપાસ કરતાં ચંદ્રિકા અને ફારૂકનો કોઈ પત્તો ન મળ્યો.

આમ તો, તે સમયે POCSO Act અમલમાં નહોતો પરંતુ તેમ છતાં, સગીર યુવતીની ‘પાછા ન આવવાની’ ઈચ્છા કાયદેસર માન્ય નથી એ જાણવા છતાં કોઈ તેને પાછી ન લાવી શક્યા. નાની ઉંમરમાં પ્રેમના નામે પોતાનું જીવન વિખેરી નાંખતી છોકરીઓને ફરીથી પરિવાર સાથે જોડવી એ એક મોટો પડકાર આજના સમયે મોં ફાડીને ઊભો છે. ઘણાં માતા-પિતા અમારી પાસે કકળતા આવે છે. સમાજના ડર કે શરમના કારણે પોલીસ મદદ પણ મોડેથી લે છે. જો કે 2012 થી POCSO Act અમલમાં આવ્યો છે ત્યારથી ઘણો ફરક પડ્યો છે. છતાં દરેક માતા-પિતા, પરિવાર, શાળા, મિત્રો, સામાજિક કાર્યકર્તા, પોલીસ, કોર્ટ વગેરેએ વધુ જાગ્રત અને સંવેદનશીલ થવું જરૂરી છે.



અપરિપક્વ અવસ્થામાં વિજાતીય આકર્ષણ દરમ્યાન ખોટાં પગલાં લેતાં અટકાવવા આપણે શું કરવું જોઈએ?

## પ્રિસ્ક્રિપ્શનઃ

**પારિવારિક સ્તરેઃ**

» માતા પિતાએ ખુલ્લો, મિત્રતાભર્યો સંવાદ કરવો.

» નાની ઉંમરથી જ નૈતિક મૂલ્યો, ધાર્મિક, સાંસ્કૃતિક પંરપરાનો પરિચય આપી, યોગ્ય-અયોગ્ય સમજાવો.

» બાળક કોના સંપર્કમાં છે, સોશ્યલ મીડિયા પર કોની સાથે છે વગેરે જાણકારી રાખી, શાંતિથી સમજો અને પછી સમજાવો.

» ઘરમાં પ્રેમ-સુરક્ષાનું વાતાવરણ રાખો.

**શાળાકીય સ્તરેઃ**

» શિક્ષકોએ બાળકોના મૂડમાં આવતા ફેરફારની નોંધ લઈ, સંવાદ શરૂ કરવો.

» શાળામાં સોશ્યલ મીડિયાની ઓળખના જોખમ વિશે સજાગ કરવા.

» સામાજિક સંસ્થા, ડૉક્ટર્સ વગેરેને બોલાવી જાગૃતિ કાર્યક્રમો કરવા. (Life Skill Education)

**કાયદાકીય સ્તરેઃ**

» પોલીસે 1098 હેલ્પલાઈન, 112 હેલ્પલાઈનની જાણકારી આપતા રહેવું.

» તુરંત FIR લેવી.

» કોર્ટે જલ્દીથી કેસ ચલાવી જજમેન્ટ આપી દેવું.